# પાલનપુરમાં વાવાઝોડા સાથે વરસાદ, એકનું મોત, ૧૨ ઘાયલ

## અસંખ્ય પોપટ ટપો-ટપ ઝાડ પરથી પડી જવાના લીધે મરી ગયા







પાલનપુરમાંબુધવારે મોડી સાંજે સાતેક વાગ્યાના સુમારે એકાએક પવન સાથે તોફાની વરસાદ ચાલુ થઈ ગયો હતો. અને વીજળીના કડાકા સાથે વરસાદી માહોલ બની ગયો હતો. ભારે પવનથી કોઝી વિસ્તારમાં છપ્પનભાઈ ચેલાભાઈ પટણી પર ઝાડ પડતાં તેમનું મોત થયું હતું.જ્યારે જુદા જુદા વિસ્તારમાં ૧૨ જણને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા.રેલવે ઓવરબ્રીજ પાસે એન્ટ્રીગેટ તુટી પડ્યો હતો. જેના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો.જ્યારે વીજવાયરો તુટી પડતાં વીજળી ડુલ થઈ હતી. વાસણ ગામે મકાનનાં પતરાં ઊડી ગયા હતા.

પાલનપુરમાં મોડી સાંજે સાતેક વાગ્યાના સુમારે એકાએક ભારે પવન સાથે વાવઝોડુ ફુકાયું હતું. જેના પગલે આકેસણ રોડ ઉપરના ઝાડ તુટી પડ્યા હતા. જ્યારે હાઈવે ઉપર આવેલી વીજકચેરી નજીક વીજવાયરો પણ તુટી જતાં સમગ્ર શહેરમાં અંધારપટ છવાઈ ગયો હતો. વાવાઝોડાના કારણે રેલવે પુલ પાસેનો એન્ટ્રીગેટ પણ ધરાશાયી થઈ ગયો હતો. વરસાદ સાથે કેટલાક વિસ્તારમાં કરાં પડયા હતા. હવામાન વિભાગે જણાવ્યું હતું.પાલનપુર આસપાસ વીસ કિલોમીટર વિસ્તારમાં પલટો આવ્યો છે. જો કે ભારે પવન ના લીધે વૃક્ષો ધરાસાઈ થવાના લીધે પાલનપુર માં અસંખ્ય પોપટ ટપો ટપ ઝાડ પરથી પડી જવાના લીધે મરી ગયા હતો જો કે જીવદયા પ્રેમી દ્વારા ઘટના સ્થળે પોહચી મેડીકલ સારવાર આપી કેટલાક પક્ષીઓને બચાવી લેવાયા હતા પાલનપુર ની શાન સમાન હાઈવે પર મુકવામાં આવેલ ડાયમન્ડ પ્રતિકૂર્તિ વાવાઝોડા ની લપેટ આવી ૧૦૦ મીટર દૂર ફેકાયું ગયું હતું .

# ગાંધીનગર હોસ્પિટલમાં દવાના સ્ટોકની બુમરાણ મચી : દર્દીઓ હેરાન

રાજ્યના પાટનગરમાં છાશવારે વી.વી.આઈ.પી.ઓ ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવતા હોય છે. સિવિલના કથળેલા વહીવટ વીઆઈપીની નજરે ન આવે તે માટે સત્તાધિશો ખડેપગે સેવામાં હાજર હોય છે. જ્યારે જિલ્લામાંથી સારવાર માટે આવેલ દર્દથી કણસી રહેલા દર્દીની ફરિયાદ તંત્રના કાને અથડાતી નથી. ત્યારે ગાંધીનગર હોસ્પિટલના ઓડીટોરીયમ હોલ ખાતે શુક્રવારના રોજ રાજ્યના મુખ્યમંત્રી આરોગ્યની નવી નિતીઓ જાહેર કરીને આરોગ્ય સેતુ કાર્યક્રમનો શુભારંભ કરશે. આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના છેવાડાના માનવીને પણ આરોગ્યલક્ષી વિવિધ યોજનાનો લાભ મળે તે માટે આરોગ્ય તંત્રના અધિકારીઓ રાત-દિવસ કામ કરીને ઉજાગરા કરી રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં જ ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને હૃદયની લગતી બિમારીની મોટાભાગની દવાનો સ્ટોક પુરો થઈ ગયો છે. પાટનગરની હોસ્પિટલ સુધી પણ જરૂરી દવાનો સ્ટોક પહોંચી શકતો નથી તો અન્ય શહેરની હોસ્પિટલનું તો કહેવું જ શું ? ત્યારે જે દવાનો સ્ટોક ઘણા સમયથી નથી તેવી દવાઓનું લીસ્ટ આડકતરી રીતે ડૉક્ટરોને આપી દેવાયું છે. અને આ દવા નહી લખાવાનું સૂચન પણ કરી દેવાયુ છે. રાજ્યની પ્રજાની સુખાકારી માટે આરોગ્ય તંત્ર ચિંતિત છે. ગરીબ દર્દીને પણ નિદાન અને સારવાર મળી રહે તે માટેની વ્યવસ્થા કરાઈ હોવાનો સરકાર દાવો કરે છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં પુરતી દવા નહી હોવાની સ્થિતિ સરકારના આ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. હોસ્પિટલો છેલ્લા ઘણા સમયથી ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હાર્ટ સંબંધી ફરિયાદો લઈને આવતા દર્દીઓને આપવામાં આવતી દવાઓનો સ્ટોક છે ત્યારે ડૉક્ટર દ્વારા કેસ પેપરમાં લખ્યા બાદ લાઈનમાં ઉભા રહેલા દર્દીનો નંબર આવે ત્યારે કહેવામાં આવે છે દવા નથી. ત્યારે દર્દીની હાલત કફોડી બની જાય છે. તો બીજી તરફ દિનદયાળ સ્ટોરમાં પણ દવાની અછત હોવાથી ના છુટકે મન કમને દર્દીઓને મોંઘી દવા મેડીકલ સ્ટોરમાંથી ખરીદવાનો વારો આવે છે. ત્યારે હોસ્પિટલમાં દવા ઉપલબ્ધ થાય તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.



# 'ભૂટાન ઈકોઝ' પ્રદર્શન થકી સેરેના ગુપ્તાએ વિદ્યાર્થીઓને અચંબિત કર્યા

## એનઆઈડી ખાતે યોજાયેલ ફોટોગ્રાફી પ્રદર્શન ૨૩મી એપ્રિલ સુધી ખુલ્લુ રહેશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન ખાતે સાંજે ૫ કલાકે દિલ્હી સ્થિત સુપ્રસિદ્ધ તસવીરકાર સેરેના ગુપ્તાનું 'ભૂટાન ઈકોઝ' ફોટોગ્રાફી પ્રદર્શન ખુલ્લું મુકાયું હતુ. આ પ્રસંગે ઉપસ્થિત ફોટોગ્રાફર સેરેના ગુપ્તાએ એનઆઈડીના વિદ્યાર્થીઓને પોતાના ભૂટાન વસવાટના દિલચસ્પ અનુભવો વર્ણવ્યા હતા. આ પ્રદર્શન તા. ૨૩ એપ્રિલ સુધી દરરોજ સાંજે ૪ થી ૮ દરમ્યાન ખુલ્લુ રહેશે.



સેરેના ગુપ્તાએ તેમના ભૂટાનના વસવાટ દરમ્યાન થયેલા દિલચસ્પ અનુભવો તથા ભૂટાનના કુદરતી સૌંદર્ય, સામાજિક વ્યવસ્થા તથા રીતરિવાજો, ધાર્મિક માન્યતાઓ, ઉત્સવો, નાગરિકોના રોજગારી માટેના સંઘર્ષો, વિષમ આબોહવાના કારણે પેદા થયેલ પડકારો વચ્ચેનું જીવન વગેરેને કેમેરામાં આબાદ રીતે ઝડપ્યુ છે. તેમણે વિદ્યાર્થીઓને આ અનુભવો અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર વાત કરી હતી. જે સાંભળી વિદ્યાર્થીઓ રોમાંચિત થયા હતા. આ પ્રદર્શનમાં રજૂ કરાયેલ તસવીરો નિહાળીને વિદ્યાર્થીઓ આફરિન પોકારી ગયા હતા.

# આ પણ વાંચીએ...


### ● આ ફેક્ટરીના તમામ મજૂરો છે કરોડપતિ

ફેક્ટરીમાં કામ કરતા મજૂરો કરોડપતિ હોઈ શકે તે વાત ગુજરાતમાં સાચી સાબિત થઈ છે. અમદાવાદ નજીકના સાણંદમાં આવેલી વિવિધ ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરો, સિક્યોરીટીગાર્ડ અને પટાવાળા કરોડપતિ છે. કારણ કે જે જમીનો પર ફેક્ટરીઓ ઉભી થઈ છે તે મૂળ આ લોકોની છે. જમીન સંપાદન પેટે વિવિધ કંપનીઓએ તેમને કરોડો રૂપિયા આપ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે કરોડપતિ હોવા છતાં તેઓ આ ફેક્ટરીઓમાં કામ કરે છે.



### ● આ ગામમાં કોઈપણ વસ્તુને અડકો તો ભારે દંડ ચૂકવવો પડે છે

હિમાચલપ્રદેશના કુલ્લુના મલાણા ગામમાં જો તમે કોઈપણ ચીજને અડકો તો તે બદલ ૧૦૦૦ રૂ.નો દંડ ચૂકવવો પડે છે. આ એક માત્ર એવુ ગામ છે જ્યાં અકબરની પૂજા થાય છે. વિચિત્ર પરંપરાઓના કારણે અહીં દરવર્ષે હજારો પર્યટકો આવે છે. અહીંના ગ્રામવાસીઓ પોતાને સીકંદરના વંશજ માને છે.



### ● લિપસ્ટીક ખરીદવા લાખોની ચોરી

બેજીંગની એક મહિલાને સેલ્ફી પાડવાનો બહુ શોખ છે. સોશ્યલ સાઈટ પર તે અવારનવાર પોતાની સેલ્ફી પોસ્ટ કરતી રહે છે. લિપસ્ટીક અને અન્ય મોંઘા કોસ્મેટીક લગાવવાથી સેલ્ફી સરસ આવશે તેવી તેની માન્યતા છે. પરંતુ મોંઘા કોસ્મેટીક ખરીદવા તેની પાસે પૈસા ન હોઈ તેણે એક દુકાનમાંથી ૨.૫ લાખ ડોલરની લિપસ્ટીકની ચોરી કરી લીધી હતી.

# ભાજપ ચૂંટણીલક્ષી વિવિધ સમિતિઓની આજે જાહેર કરશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ભાજપ દ્વારા પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવામાં આવ્યા બાદ આવતીકાલે ચૂંટણી કામગીરીને લક્ષી અન્ય કેટલીક સમિતિઓની રચના કરીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી ભાજપે શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે ગઈકાલે પ્રદેશ ચૂંટણી પાર્લામેન્ટરી બોર્ડની, ચૂંટણી ઢંઢેરા સમિતિ, શીસ્ત સમિતિની રચના કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત પ્રદેશ ચૂંટણી પ્રચાર સમિતિના ઈન્ચાર્જ તરીકે પૂર્વ મંત્રી કૌશીકભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે.

પ્રદેશ ચૂંટણી પ્રચાર સમિતિના ઈન્ચાર્જ તરીકે કૌશીકભાઈ પટેલની નિમણુંક કરવામાં આવતા તેઓએ ચૂંટણી પ્રચારને લગતી કામગીરી માટે વિવિધ સમિતિઓની રચના કરવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે ચૂંટણીલક્ષી અન્ય કેટલીક સમિતિઓની રચના કરીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ચૂંટણી પ્રચાર માટે જરૂરી ચૂંટણીલક્ષી સાહિત્ય, હોર્ડીંગ્સ બનાવવા સહિતની કામગીરી પણ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણીલક્ષી સમિતિઓ રચીને ભાજપ સંપૂર્ણ ચૂંટણી મોડમાં આવી ગયું છે અને આગામી ટૂંક સમયમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

# બાઈક પરથી પડી જતા મોટી આદરજના વૃધ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬

પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામમાં રહેતા કાકા-ભત્રીજા ગઈ સાંજે ખેતરેથી બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં અંધારામાં એક બમ્પ કુદતા બાઈક પરથી કાકા પડી ગયા હતા. ૬૫ વર્ષીય કાકાને તાત્કાલિક ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગનો નોંધી વૃધ્ધનો મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

મોટી આદરજ ગામમાં રહેતા ૬૫ વર્ષીય માસંગજી ઉમેદજી ઠાકોરને તેમનો ભત્રીજો જીગ્નેશ ભીખાજી ઠાકોર બાઈક પાછળ બેસાડીને ગઈ સાંજે ખેતરેથી ઘર તરફ લઈ જઈ રહ્યો હતો. રસ્તામાં બમ્પ આવતા અંધારામાં બાઈક સ્હેજ ઉછળ્યું હતું. જેને પગલે પાછળ બેઠેલા કાકા માસંગજી ઠાકોર પડી ગયા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પટિલ લઈ જવાયા હતા. હાલત ગંભીર જણાતા તેમને ગાંધીનગરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. જો કે રસ્તામાં જ મૃત્યુ થઈ જતા મૃતદેહ પરત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવીને પોસ્ટમોર્ટમ કરાવી પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ વી.બી. દેસાઈએ ગુનાની વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યની ૧૫૫૭ ગ્રામ પંચાયતોની આઠમી એપ્રિલે ચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યની ૧૫૫૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૮મી એપ્રિલના રોજ યોજાશે. કુલ ૩૪૯ ગ્રામ પંચાયતો સમરસ થવા પામી છે.

૮મી એપ્રિલના રોજ યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અંગેની વિગતો આપતા રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે રાજયની ગ્રામ પંચાયતોના સરપંચપદની હરીફાઈમાં ૧૪૮૪ ઉમેદવારો છે, જ્યારે ૭૭૭૧ વોર્ડની સંખ્યા છે જેમાં વોર્ડ માટે હરિફાઈમાં રહેલા કુલ ઉમેદવારોની સંખ્યા ૧૭૬૮૨ છે.

કુલ મતદારોની સંખ્યા ૩૦૬૧૦૩૬ છે. જ્યારે મતદાન મથકોની સંખ્યા ૪૪૮૯ છે. ૮મી એપ્રિલના રોજ યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧૭૭૧૨ ઈવીએમ મશીનનો ઉપયોગ કરાશે. ગ્રામ પંચાયતોની ચૂંટણી કામગીરી માટે ૮૪૫ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને ૬૪૫ ચૂંટણી અધિકારીઓ અને ૨૬૩૫૭ પોલીંગ સ્ટાફ ચૂંટણી ફરજ બજાવશે. ૮મી એપ્રિલના રોજ યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી ૧૧મી એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે.

# રાજ્યભરમાં ભાજપ દ્વારા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ભાજપના ૩૮માં સ્થાપના દિને આજે રાજ્યભરમાં ગુજરાત ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજીને ભાજપ સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભાજપના આજે સ્થાપના દિને ગુજરાત ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત આજે રાજ્યભરમાં બુથમાં પ્રવાસ કરીને ભાજપના કાર્યકર્તાઓએ પાર્ટીના સ્ટીકરો લગાવીને પંડીત દીનદયાળ ઉપાધ્યાજીના જીવન ચરિત્ર પર માહિતી આપીને લોકોમાં જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારની સિદ્ધિઓની ગાથાઓ વિકાસ ગાથા અને પ્રજાલક્ષી યોજનાઓની વિગતોથી છેવાડાના માનવીને માહિતગાર કરવા પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

કહ્યું. હા પીકુ, શેરડીનો ઠંડો રસ મને પણ બહુ જ ભાવે. પણ તને ખબર છે બહાર લારી પર, ગંદકી આજુ બાજુ હોય, ચારે બાજુ માખીઓ ઉડતી હોય, ગંદા ગ્લાસ અને વળી બરફ જે ક્યા પાણીમાંથી બનાવેલ છે એની ખબર જ નથી... આવો રસ પીવાથી શું થાય ?? પીંકુને કઈ ખબર પડી નહી કે સરીતા આન્ટી શું કહેવા માગે છે. માત્ર ગંદકી વિશે થોડી ખબર પડી. પીંકુએ પૂછ્યું તો આન્ટી શું કહો છો, ખબર ના પડી ? બેટા આવો અનહાઈજીનીક રસ પીવાથી રોગ થાય. જેમકે કમળો, ટાઈફોઈડ વગેરે.... પીંકુ બોલી કમળો એટલે ?? કમળો એટલે પીળીયો. કમળો લોહીમાં રહેલા રક્તકણોમાના હીમોગ્લોબીનના બ્રેકડાઉનના લીધે થાય છે. જેમાં બીલીરુબીન નામનું તત્ત્વ વધી જાય છે જેના કારણે ત્વચા, આંખો અને મોઢાની મ્યુક્સ મેમ્બરેન પીળી થઈ જાય છે. તાવ પણ આવે છે. પેશાબ પણ ઘાટો પીળો થાય છે. અશક્તિ આવી જાય અને ઉલટીઓ પણ થાય. થોડો સમય ખોરાક પણ બંધ કરવો પડે. લીક્વીડ વધારે લેવું પડે અને જો સાવચેતી ના રાખો તો લીવર પર અસર થાય અને ડેમેજ પણ થઈ જાય ?? હેં આન્ટી લીવર ડેમેજ એટલે ? સરીતાબહેને કહ્યું લીવર કામ કરતું બંધ થઈ જાય. ઘરમાં પણ વાસણો, નેપકીન, કપડાં વગેરે અલગ રાખવા પડે નહીંતર બધાને થઈ જાય....અને ટાઈફોઈડમાં... એમાં શું થાય આન્ટી ? સરીતાબહેને કહ્યું ટાઈફોઈડ એ બેક્ટેરીયાથી થતો રોગ છે. જે અનહાઈજીનીક, કંડીશનથી થાય છે. પીંકુને તો આ વાતોમાં વધુ રસ જાગ્યો. આન્ટી, અનહાઈજીનીક એટલે ? સરીતાબહેને કહ્યું એવી પરિસ્થિતિ કે જે સ્વાસ્થ્યને સારું રાખવામાં અવરોધક છે. જેમકે ઘરમાં ગંદકી, આજુબાજુમાં ગંદકી જેના લીધે માખીઓ આવે અને પાણી તેમજ ખોરાકને પ્રદુષિત કરે. એ કેવી રીતે આન્ટી ? જો, ખોરાક ઘરમાં તમે સારી રીતે ચોખ્ખા પાણીમાં ધોઈને બનાવે છે અને પાણી માટલામાં રોજ ગાળીને ભરે છે પણ માખીઓના કારણે આવો ચોખ્ખો ખોરાક જો ખૂલ્લો હોય તો તે પ્રદુષિત થાય છે. જેમકે માખી તો ઉડી ઉડીને ક્યાંય પણ થાય છે. ખુલ્લામાં કરેલા મળ પર પણ બેસે છે, બીજી અન્ય ગંદી વસ્તુઓ પર પણ બેસે છે. હવે જ્યારે આ માખી તમે બનાવેલા સારા ચોખ્ખા ખોરાક પર બેસે તો આવો ખોરાક કે પાણી પીવાથી ટાઈફોઈડ થાય છે. વળી, તને ખબર છે પીંકુ ટી.વી.માં બતાવે છે જમતા પહેલા હાથ ધોવો, રમીને આવો પછી હાથ ધોવો ક્યાંય પણ બહારથી આવો તો હાથ ધોવો અને ખાસ કરીને બાથરૂમમાં જઈને આવો કે લેટરીન કરીને આવો પછી તો ખાસ હાથ ધોવાના નહીંતર મળનું ખોરાક સાથે કોન્ટામીનેશન થવાથી ખાસ ટાઈફોઈડ થાય છે. બાળકોમાં ટાઈફોઈડ વધુ જોવા મળે છે. આન્ટી ટાઈફોઈડમાં આપણને શું થાય ? બેટા એમાં પણ માથું દુખે, તાવ આવે ધીમે ધીમે તાવનો ગ્રેડ વધવા લાગે. પેટમાં આંટી વાગી હોય એમ દુ:ખે. જાડા પણ થઈ જાય. ખરાબ વાસવાળો, લીલા રંગનો જાડો થાય અને દિવસમાં ૭/૮ વાર જવું પડે. ચામડી પર લાલ રંગના સ્પોટ પણ થઈ જાય. શરીરમાં લોહીમાં સફેદકણો ઘટી જાય. ઘણીવાર હોસ્પિટલમાં દાખલ પણ થવું પડે. બાપ રે... આન્ટી આ તો બીક લાગે એવું છે. ના બેટા આમાં બીવાની જરૂર નથી. માત્ર સ્વચ્છતાનું ધ્યાન રાખવાનું અને બને ત્યાં સુધી ઘરનો સ્વચ્છ ખોરાક લેવાનો. હાઈજીનીક કંડીશન રાખવાથી કંઈ થાય નહીં. પીંકુ બોલી આન્ટી એટલે જ 'સ્વચ્છ ભારત અભિયાન' ચાલે છે. હે...ને... સરીતાબહેન હસવા લાગ્યા. હા બેટા સ્વચ્છ ભારત અભિયાન અને સ્વચ્છ શૌચાલયનો ઉપયોગ એ ખૂબ જ જરૂરી છે.

પીંકુને મનમાં ફરી પ્રશ્ન થયો. પીંકુ બોલી પણ આન્ટી ધારો કે મેં શેરડીનો ઠંડો રસ પીધો અને મને તાવ આવ્યો. હું બિમાર પડી તો મને કઈ રીતે ખબર પડે કે ટાઈફોઈડ છે કે કમળો ?

વાહ પીંકુ, તે સરસ સવાલ કર્યો. આના માટે લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો પડે. લોહી લઈને ટેસ્ટ થાય. ટાઈફોઈડની શક્યતા લાગે તો સી.બી.સી., વીડાલ, પેશાબનો રીપોર્ટ વગેરે કરવા પડે. વળી હવે તો ચોથા કે પાંચમાં દિવસે ખબર પડી જાય એવો ટાઈફો ફાસ્ટનો ટેસ્ટ અને અલાઈઝા ફોર ટાઈફોઇડ પણ જેમાં IgM અને IgG એન્ટીબોડી ટેસ્ટ થાય અને બ્લડ કલ્ચર જે સચોટ છે. પણ બેટા આ બધા માટે હજી તું બહું નાની છે. પીંકુની મમ્મી બોલી ના બહેન આ પીંકુ તો રોજ ગુગલ પર નવી નવી સર્ચ મારે છે. એને દરેક વસ્તુનું નોલેજ લેવાનું બહું ગમે. પીંકુ બોલી આન્ટી કમળા માટે ? બેટા કમળા માટે CBC, બીલીરૂબીન, SGPT, અલ્કલાઈન, PT, યુરીન (પેશાબનો રીપોર્ટ) એમ ઘણા બધા ટેસ્ટ કરવા પડે.

આન્ટી સારું થયું તમે અમને બોલાવ્યા નહીંતર અમે શેરડીનો રસ પીને હેરાન થાત. પીંકુને પહેલા તો આન્ટીની બુમ નહોતી ગમી પણ હવે વાતો સાંભળીને એને સારું લાગ્યું. પીંકુ બોલી...

- sgpathlab@gmail.com





મહેસાણા શહેરમાં રામસેવા સમિતિના ઉપક્રમે વર્ષ પરંપરાગત રીતે નિકળતી તોરણવાળી માતાના ચોકમાંથી ૩૬મી રથયાત્રા જયશ્રી રામના ઘોષ સાથે ભગવી ધજા લહેરાવી રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન નિતીનભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. તે પ્રસંગની તસવીરમાં રામસેવા સમિતિના પ્રમુખ ડૉ. જી.કે. પટેલ, જીગલજી ઠાકોર, સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા.

# બીએસએનએલ દ્વારા ૧૦ જીબી પ્રતિ દિવસ ડેટા ડાઉનલોડનો અનલિમિટેડ વાયરલાઈન બ્રોડબેંડ પ્લાન

ગ્રાહકોને ફાયદો કરાવતી ગ્રાહકલક્ષી સ્કીમોની શ્રેણીમાં ઉમેરો કરવા સાથે નવા ગ્રાહકોને આકર્ષવા સારૂ બીએસએનએલ દ્વારા એક્સપિરિયન્સ વાયરલાઈન બ્રોડબેંડ સર્વિસ હેઠળ ઘણો સસ્તો અને પરવડે તેવો પ્રમોશનલ અનલિમિટેડ બ્રોડબેંડ પ્લાન 'એક્સિપિરિયન્સ અનલિમિટેડ બ્રોડબેંડ ૨૪૯' પ્રસ્તુત કરેલ છે જેમાં ૨ એમબીપીએસ સુધીની સ્પીડ ૧ જીબી સુધી અને ત્યારબાદ ૧ એમબીપીએસ સુધીની સ્પીડ મળશે. બીએસએનએલના આ વાયરલાઈન બ્રોડબેંડ પ્લાનને ગ્રાહકો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. આ પ્લાનમાં ગ્રાહકોને '૧૦ જીબી પ્રતિ દિવસ' ડેટા ડાઉનલોડ કરવા માટે ફક્ત રૂ. ૨૪૯ પ્રતિ માસ ચુકવવાના રહેશે. આ ઉપરાંત ગ્રાહકો રાત્રીના ૯ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી અને રવિવારે ૨૪ કલાક કોઈપણ નેટવર્ક પર અનલિમિટેડ કોલ કરી શકશે. એન.કે. ગુપ્તા, ડાયરેક્ટર (સીએફએ) બીએસએનએલ બોર્ડ દ્વારા જણાવવામાં આવેલ છે કે બીએસએનએલ દેશભરની એકમાત્ર ટેલિકોમ કંપની છે જે સસ્તામાં સસ્તો '૧૦ જીબી પ્રતિ દિવસ' ડેટા ડાઉનલોડ પ્લાન વાયરલાઈન બ્રોડબેંડ સર્વિસ અંતર્ગત આપે છે.



ભિલોડામાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે શોભાયાત્રા ધામધુમ પુર્વક નીકળી હતી.શ્રધ્ધાળુ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. મુસ્લીમ બિરાદરો ધ્વારા છાશનું વિતરણ કરાયું હતું. હિન્દુ-મુસ્લીમની એકતાના દર્શન શોભાયાત્રા દરમ્યાન જોવા મળ્યા હતા. આ પ્રસંગે મુસ્લીમ બિરાદારો ધ્વારા છાશનું વિતરણ રામનવમી નિમિત્તે શોભાયાત્રા દરમ્યાન કરાયું હતું. શ્રી રામચંદ્ર ભગવાનની શોભાયાત્રા બેન્ડવાજાની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે શ્રી વૈજનાથ મહાદેવ મંદીરથી કાઢવામાં આવી હતી.